સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

મારો વેપાર ચાલવા દો, તો ફીફાં ફોલીશ નહીં!
બાબા કહે છે : 'કાળાં નાણાં'નું પણ બોલીશ નહીં!
ચાલી ન દૂકાન યોગની પેટ વલોવી નાખ્યું છતાં -
હું યોગ ગુરુ-વેપારી-નેતા, રહસ્યો ખોલીશ નહીં!
(આંખ મિચકારી - સમજુતિ)

હાઈકુ

'વિયેટનામી'
ખોટા હરખાશો ના -
કોને દીધા ને...
લે ને ભાઈ, ૩૩૫૦ કરોડ)

શિક્ષક 'દીન',
શાળા સાધન હીન,
- તો સ્તરે ખિન્ન!!
(છતાં દોષ શિક્ષકોનો?)

ચિંતન

પટુત્વં સત્યવાદિત્વં કથાયોગેન બુધ્યતે ।
અસ્તબ્ધત્વમયાપલ્યં પ્રત્યં ક્ષેત્રા વગમ્યતે ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય - 'સામાન્ય નીતિ' નો આ શ્લોક છે.

માણસમાં રહેવું ચતુરાઈપણું અર્થાત હાજરજવાબીપણું - સત્યવાહીપણું અને તેની વાક્‌પટુતાનો અનુભવ તેની સાથે પ્રસંગ પડવાથી રૂબરૂ વાતચીત થવાથી જાણી - અનુભવી શકાય છે. અર્થાત તે માનવી સાથે વાતચીત અને કોઈ કામ પ્રસંગ પડે ત્યારે જ ખબર પડે છે.

પરંતુ માનવ સ્વભાવમાં ચંચળતા અને ગંભીરતા તો તેને પ્રથમ દૃષ્ટિએ જોતાં જ જાણી શકાય છે - અર્થાત માનવીમાં રહેલી આછકલાઈ ચંચળ સ્વભાવ તેના ચહેરા - આચરણ પરથી તરત જ માપી શકાય છે.

સુવિચાર

- મહાન વ્યક્તિ એ છે જેણે બાળકનું હૃદય સાચવી રાખ્યું છે - **રશિયન કહેવત**
- હું ધૂળ થવા કરતાં રાખ થવું પસંદ કરીશ - **જેક વિલિયમ**
- જેને માથે દેવું નથી એ પૈસાદાર છે - **હંગેરિયન કહેવત**
- હકીકતની ખબર નથી એ વાતનું ભાન થવું એ જ્ઞાનની દિશામાં પ્રથમ પગલું છે - **ડીઝરાયેલી**
- 'હું - પણું' છોડવું એટલે જ સૌથી મોટો સન્યાસ - **એસ. ભટ્ટાચાર્ય**
- સારી દોસ્તી વાતોથી નહીં પણ કામ કરવાથી થાય છે - **લતા હિરાણી**
- પોતે આપેલ વચનો પૂરા કરવા માટે દરેક વ્યક્તિ પાસે ખૂબ સારી યાદશક્તિ પણ હોવી જોઈએ - **બર્નાડ શો**
- આજનું ઔષધ : સંતરાની છાલને રાત્રે સ્નાન કરવાના પાણીમાં પલાળી દેવી. સવારે આજ પાણીથી સ્નાન કરવાતી પરસેવાની દુર્ગંધ મારશે નહિં. **(દીપક વી. આસરા)**

બોધકથા

આજકાલના 'બાપુ'ઓ થોડું તપ-થોડી મેલી વિદ્યાની સિદ્ધિ એકત્ર કરી જાદુ-ચમત્કાર કરવા લાગે છે અને એના ચમચા એમને 'ભગવાન' બનાવી દે છે. આવા બાપુઓને જેલ-કાયદો જ સાચી સમજ આપી શકે.

બંગાળના મહાન યોગી-તપસ્વીએ તપ દ્વારા અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી પરંતુ એમને પૂરતી ખ્યાતિ પ્રાપ્ત થઈ ન હતી. જયારે એમના જ સમયમાં થઈ ગયેલા ભક્ત જ્ઞાનદેવ જ્ઞાની અને ભક્ત તો હતા જ પણ સાથે તેમની પ્રેમ-ભક્તિને કારણે વિશેષ ખ્યાતિ હતી. ચાંગ દેવને ઈર્ષા થઈ. પોતાની સિદ્ધિનું પ્રદર્શન કરવા તેમણે જ્ઞાનદેવને સમાચાર મોકલ્યા હું તમને વાઘ પર આરૂઢ થઈ મળવા આવું છું.

જ્ઞાનદેવ તેમનો હેતુ સમજી ગયા તેમણે સામે સમાચાર મોકલ્યા - આજે જન્માષ્ટમીનો મેળો છે. હું આપને કૃષ્ણમંદિરના ચોકમાં સામેથી મળવા આવું છું... મેળામાં એકત્ર લોકોએ જોયું કે ચાંગદેવ વાઘ પર બેઠા આવ્યા પણ જ્ઞાન દેવતો નિર્જીવ પથ્થરના ઓટલા પર બેસીને આવ્યા...

ચાંગદેવ સાથે પ્રજાએ પણ જ્ઞાનદેવનો જયજયકાર બોલાવ્યો. ચાંગદેવનું અભિમાન ઓસરી ગયું.

વિશ્વને શાશ્વત માતૃત્વની ભેટ

સેવાથી મોટો કોઈ ધર્મ ન હોઈ શકે. આપણો ઋષિ રહે છે : સેવાધર્મ ઘણો ગૂઢ છે. યોગીઓ પણ એનો પાર પામી શક્યા નથી. મધર ટેરેસા જીવતાં જાગતાં સેવામૂર્તિ હતાં. સુયોગ તો જુઓ ! એક વિદેશી મહિલા અઢાર વર્ષની કાચી વયે ઘર છોડે છે. ભારતમાં આવીને મિશનરીઝ ઑફ ચેરિટી જેવી સેવા સંસ્થા શરુ કરે છે. ૮૭ વર્ષના દીર્ઘ જીવનકાળ દરમિયાન સાત દાયકા સેવા કાર્યોમાં સમર્પિત થઈ જાય છે. એમને આપણે તો 'મધર' તરીકે સ્થાપ્યાં, 'ભારત રત્ન'થી નવાજ્યાં અને સેવાકાર્યો બદલ એમને શાંતિનું નૉબેલ પારિતોષિક પણ મળ્યું; પરંતુ ખ્રિસ્તી ધર્મની પરંપરા મુજબ કોઈને એની હયાતીમાં 'સંતનું' બિરુદ મળી શકતું નથી. આલ્બેનિયામાં જન્મેલાં મધર ટેરેસાને એમના નિધનનાં ૧૯ વર્ષ બાદ 'સંત' પદ પ્રાપ્ત થઈ રહ્યું છે. ભારતીય નાગરિક બનીને એમણે ભારતીય નારીનો સીધોસાદો પહેરવેશ ધારણ કર્યો હતો. ગરીબો, વંચિતો અને દીનદુખિયાંને છાતીએ લગાડીને જીવનભર એમણે કરુણાનો વરસાદ વરસાવ્યો. મધર 'મિશનરી' હતા, કેથોલિક ધર્મનાં પ્રચારક હતાં એટલે સ્વેચ્છાએ ઈશુપંથ તરફ વળવા માગતાં દુખિયારાંને એમણે જરુર દીક્ષિત કર્યાં જ હોય. આ મુદ્દે કેટલોક રૂઢિચુસ્ત વર્ગ એમના સેવાકાર્યને છદ્મવેશી ગણાવવાનો પ્રયાસ પણ કરતો રહ્યો છે. પરંતુ જે લોકો એમની ટીકા કરે છે. એમણે સ્વધર્માનુયાયીઓનાં દુઃખદર્દમાં ભાગીદાર થવાનો કયારેય વિચાર સુદ્ધાં કર્યો છે ખરો? મધર તો ખ્રિસ્તી-કેથોલિક સાધ્વી હોવાના નાતે એમની પરંપરા મુજબ અને પોપના આદેશ મુજબ ઈસુપંથનો પ્રચાર કરતાં જ રહે તે સ્વાભાવિક છે. પણ માત્ર ધર્મપરિવર્તન કરાવવું એ એમનું જીવનકાર્ય નહોતું. એમણે દુખિયારાંનાં બેલી બનવાનું સ્વીકાર્યું હતું. જેમણે એમને રક્તપિત્તિયાંનાં દૂઝતા જખમ સાફ કરતાં જોયા છે, અનાથ, અપંગ બાળકોને વહાલ કરતાં નિહાળ્યા છે, તે ગમે તેટલા ચુસ્ત ધર્માનુયાયી હશે તો પણ મધરને 'વટાળ પ્રવૃત્તિ' સાથે જોડાયેલાં નહીં જ માની શકે. વેટિકન સિટીમાં એમના અવસાન પછી આટલા લાંબા સમયે મધર ટેરેસાને સંત પદવી એનાયત કરવાનો પ્રસંગ ઊજવાઈ રહ્યો છે. ત્યારે ભારતે એનાં એક સેવામૂર્તિ નાગરિકને મળી રહેલા આ સર્વોચ્ચ આધ્યાત્મિક સમ્માન બદલ ગૌરવ અનુભવવું

તંત્રીસ્થાનેથી...

જોઈએ. પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીના જીવનમાં મધર ટેરેસાની પ્રેરણા એ અગત્યની ભૂમિકા ભજવી છે. તેઓ તેમજ દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ મધરને સંત દરજ્જો મળી રહ્યો છે ત્યારે એ પ્રસંગે ભારત તરફથી પ્રતિનિધિત્વ કરીને મધરની સેવાઆઓને શ્રદ્ધાંજલી આપવા પહોંચ્યાં છે. કેન્દ્ર સરકારે આ પ્રસંગે વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજને રાષ્ટ્રનાં પ્રતિનિધિ તરીકે મોકલીને શુભચેષ્ટા દર્શાવી તે આવકારવા લાયક છે. મધરના જીવનમાં નરી સાદગી હતી. પરંતુ એમની શ્રદ્ધા અને સમર્પણભાવનાને લીધે કેટલાક ચમત્કારો પણ બન્યા હશે. પરંપરાગત પદ્ધતિ મુજબ આવા ઓછામાં ઓછાં બે ચમત્કારોની પુષ્ટિ થયા પછી જ વેટિકનના અધિષ્ઠાતા પોપ 'સંત'ની પદવી એનાયત કરતા હોય છે. ભારતમાં સેવાકાર્ય કરીને આવા ચાર મિશનરી સંત પદવી પામ્યા છે. મધર ટેરેસા હવે 'સેન્ટ ટેરેસા' નામે ઓળખાશે. અલબત્ત, સંતત્વ કરતાં માતૃત્વ કોઈ પણ માપદંડથી માપતાં નીચું ન જ ગણાવું જોઈએ. મધર ટેરેસામાં ધબકતું એ શાશ્વત માતૃત્વ એમના સાંત્વનથી પણ મૂઠી ઊંચેલું હતું.

તમે ગાયો પાળો છો કે ગાયો તમને પાળે છે !

આ વખતે વર્ષો પછી સુરમ્યભાઈ બેંકમાંથી લાંબી રજા લઈ પોતાના કુટુંબ સાથે વતનના ગામડે આવ્યા હતા. શહેરની ભાગદોડ ભરી જિંદગી અને કામોની વ્યસ્તતાના થાકને તે ગામની માટીની મહેંકથી ભૂલી જવા માંગતા હતા. પોતાના દસ વર્ષના દીકરા તન્મયને સાથે લઈ ગામના પોતાના ખેતર તરફ નીકળી પડ્યા. એ જ રસ્તા. એ જ ખેતરની વાડો અને દૂર દૂર સુધી લીલોતરી જોઈ તેમનું મન રાજી રાજી થઈ ગયું. પોતાના બાળપણની યાદોને તન્મય સાથે શેર કરતાં ગામના કણ કણથી તેને પરિચય કરાવતા હતા. બધી વસ્તુઓ અને જગ્યાઓનું વિસ્તૃત વર્ણન કરતા હતા. રસ્તામાં જે કોઈ ઓળખીતા મળે તેની સાથે રામ રામ કરી તન્મયનો પરિચય કરાવતા હતા. ઊભાં ઊભાં જ લાંબી વાતો થતી. ખેતરોનો મદમાતો પવન અને હરિયાળીની ખુશ્બુ તેમના રોમ રોમમાં સમાતી હતી.

ખેતરે ફરીને આવ્યા બાદ તન્મયને સાથે લઈ સુરમ્યભાઈ ગામના ચોરે આવ્યા. ત્યાં તો લોકોનો મેળાવડો જોવા મળતો. આજે પણ આ ચોરો ગામના આધેડ અને વૃદ્ધો માટે મનમૌઝિલી જગ્યા છે. અહીં એક તરફ ચાર પાંચ જણ વડના છાંયે ઓટલા પર ગંજીપો રમવામાં મશગુલ છે. તો બીજી તરફ ચલમ ફૂંકતાં વડીલો કોઈને સલાહ આપે છે. દૂર બે-ત્રણ જણ કંઈક વાતે જોરદાર હસે છે. ત્યાં બધાં સુરમ્યભાઈને જોઈ ખુશ ખુશ થયા. સુરમ્યભાઈએ એ બધા સાથેના કૌટુંબિક અને સામાજિક સંબંધો જોડી તેમનો પરિચય કરાવ્યો. તન્મયની વિનમ્રતાથી બધા ખુશ હતા. અંગ્રેજી માધ્યમમાં ભણતા તન્મયે તેમને અંગ્રેજીની ઘણી કવિતાઓ સંભળાવી. બધા લોકો પોતાના ગામના છોકરાના મુખે અંગ્રેજી સાંભળી ગદ્‌ગદ્ થઈ ગયા. અરજણભાઈએ પોતાની મૂછો પર હાથ ફેરવતાં તન્મયને પોતાની નજીક બેસાડ્યો અને પૂછ્યું. બેટાં તે ગોંદરે ગાયો નો વાડો જોયો છે. એ વળી શું ? તન્મયને આ નવી વાત લાગી તેણે તેના પપ્પા સામે જોયું એટલે સુરમ્યભાઈએ કહ્યું જયાં ગાયો-ભેંસોને પાળી રાખે છે તે.

તન્મયે ઉત્સુકતાવશ પુછ્યું, દાદાજી તમે ગાય-ભેંસો પાળો છો ? 'હાં બેટા, પશુપાલન અમારો વ્યવસાય છે. તારે જોવા આવવું છે.' ચહેરા પર રૂઆબ સાથે અરજણભાઈ બોલ્યા. અરજણભાઈ, સુરમ્યભાઈ અને તન્મય સાથે બીજા પણ બે ત્રણ જણા ભેગા આવવા તૈયાર થયા બધા વાડા તરફ ચાલી નીકળ્યા. રસ્તામાં મજાક મસ્તી સાથે એક બીજાને હસતા હસાવતા જતા હતા. વાડામાં ડોયું તો બધાં વાછરડાંઓનાં મોં દોરીની જાળીથી બાંધેલા હતા. આ જોઈ તન્મયને અચંબો થયો.

'દાદા તમે આ નાનાં ગાયના બચ્ચાંના મોઢાં કેમ બાંધી રાખ્યાં છે. આમ તો એ કંઈ ખાઈ પી ન શકે.' 'ના, બેટા તેને ખવડાવી પીવડાવીને પછી બાંધ્યા છે. નહીં તો જયારે ગાયો સીમમાં ચરીને આવે ત્યારે આ બધા વાછરડાં તેનું દૂધ પી જાય. પછી આપણે દૂધ કઈ રીતે દોહીએ.' 'અમારે ત્યાં શહેરમાં ગાયો રસ્તા પર બેઠેલી જોઈ છે. ડામરના રોડ પર એ શું ખાતી હશે ખબર નહીં પણ વાહનો ચલાવનારાને અડચણરુપ જરુરથી બને છે ઘણી વખત કોઈને શિંગડે ચડાવે કે વાહનો સાથે ભટકાઈ પડે ત્યારે અકસ્માતો થાય છે.' તન્મયે તેની વાત કરી, બધા તેની વાત ધ્યાનથી સાંભળી રહ્યા. ત્યાં તો તન્મયે કહ્યું, 'દાદાજી... દાદાજી... મને એક વાત ન સમજાઈ.' 'શું બેટા'

નવાં કલેવર
નટવર હેડાઉ

'તમે બધી ગાયો ભેંસોને દોહીને દૂધ કાઢી લો તો આ બિચારાં વાછરડાં-પાડરદાં તો ભુખ્યાં જ રહી જાય ને?' તન્મયે બાજુમાં ઉભેલ નાનકડાં સફેદ વાછરડાંની તરફ જોઈ મમતા ભર્યા સ્વરે કહ્યું. તેની માં તેના માટે થોડું દૂધ છુપાવી લે છે. દુધ દોહી લીધા પછી અમે તેને થોડીવાર તેની માં પાસે ખુલ્લુ મકીએ છીએ. પણ અલગ બાંધી દઈએ છીએ.' અરજણભાઈએ તન્મયને આખી વાત સમજાવી.'

'તો શું દાદા આ વાછરડી તેની માં પાસે સુતી નથી.' તન્મયની ઉત્સુકતા વધવા લાગી. 'ના બેટા, જો તેને ગાય પાસે રાખીએ તો આખી રાત એ બધું દૂધ પી જાય. તો પછી સવારે આપણે દૂધ કયાંથી મળે? બજારમાં શું વેચીએ? પૈસા કઈ રીતે આવે. અને જો એવું ન બને તો તન્મય બેટા તમારા માટે ચોકલેટ કયાંથી ખરીદી શકાય. પોતાના ખિસ્સામાંથી ચૉકલેટ કાઢીને આપતાં તેમણે તન્મયને કહ્યું.'

'દાદાજી, તમે તો કહેતા હતા કે તમે ગાયો પાળો છે. પણ એ તો તમને પાળે છે.' તન્મયે ચોકલેટ હાથમાં લેતા કહ્યું. નાના મોંએ આ મોટી વાત સાંભળી અરજણભાઈનાં ચહેરાનો રંગ ફિક્કો પડી ગયો અને ચહેરા પરનો આનંદ ઝાકળના બિંદુની જેમ ઊડી ગયો.

પ્રેમ એટલે ફૂલટાઈમ જોબ

ડો. એ.પી.જે. અબ્દુલ કલામ કહેતા કે "દુનિયામાં કોઈ કાર્ય અશક્ય નથી. હંમેશા ગમતું કામ કરો અથવા કામને ગમતું કરો. તમારે તમારા જીવનમાં પરિવર્તન લાવવા માગતા હશો તો તમારે તમારી અગ્રતા (પ્રાયોરિટી) નક્કી કરવી પડશે."

જીવનમાં દરેક સંબંધ અથવા દરેક કામને આપણે આપણી રીતે અગ્રતાક્રમ યાને કે પ્રાયોરિટી આપતા હોઈએ છીએ. જ્યારે સંબંધનું મહત્વ સ્વીકાર્યું હોય ત્યારે એ માટે પણ આપણે પ્રાયોરિટી નક્કી કરવી જ રહી. જ્યારે આપણે કોઈ ટાસ્ક હાથ ઉપર લઈએ ત્યારે પણ એ ટાસ્કની અગ્રતા યા મહત્વ કેટલું છે, એનો વિચાર કરીને એના આધારે આપણે ટાસ્ક હેન્ડલ કરતા હોઈએ છીએ. પ્રેમનું પણ એવું જ છે ને. આપણે સંબંધનું મૂલ્ય સમજીએ અને સ્વીકારીએ તો જ એમાં ગંભીરતાપૂર્વક જોડાઈ શકીએ.

રિલેશનશીપ એ એક રીતે ફૂલ-ટાઈમ જોબ છે. જો તમે એ માટે પુરતો સમય આપી શકો એમ ના હોય તો એપ્લાય જ કરવાની જરુર નથી. એવી વ્યક્તિને ચાહો કે જે તમને મોંઘી ગિફ્ટ્સ ભલે ના આપે, પણ તમને કંપની આપવા માટે તેની પાસે ભરપુર સમય સિવાય કશું જ નથી. જે વ્યક્તિ પોતાનો બધો જ સમય તમને ઓફર કરે છે, એને ચાહો. તમારા હોવા માત્રથી જેને ગર્વ અનુભવાતો હોય તેની સાથે જ રહેવું જોઈએ.

એક યુવક-યુવતી ગાર્ડનમાં આરામથી બેઠાં હતાં. તેમણે જોયું કે ઘણા બધા લોકો અહીં ફરવા આવ્યા હતા. તેમાંથી એક વૃદ્ધ યુગલ પણ એકબીજાનો હાથ પકડીને ચાલી રહ્યાં હતાં, તે ખાસ ધ્યાન ખેંચનારું દૃશ્ય હતું. એ બેઉના ચહેરા ઉપર પ્રેમનો પ્રકાશ હતો અને લાગણીની ઉષ્મા હતી. યુવક-યુવતીને આ વૃદ્ધ યુગલમાં કંઈક ખાસ જોવા મળ્યું. જીવનની ઢળતી સંધ્યાએ પણ પ્રેમ જળવાઈ રહે એ જ પ્રેમનું સાફલ્ય.

યુવક-યુવતી ઉભા થયાં અને વૃદ્ધ યુગલ પાસે જઈને કહ્યું કે "તમને વાંધો ન હોય તો અમને તમારા પ્રેમ વિશે કહો, જે તમારા બેઉના વ્યક્તિત્વમાંથી આ ઉંમરે પણ ઝળકી રહ્યો છે. તમે શું માનો છો કે પ્રેમ એટલે શું?"

વૃદ્ધ પુરુષે તરત પ્રત્યુત્તર આપ્યો કે "પ્રેમ એટલે એક સાથે ઉંમર અને વર્ષો વીતવાની સાથે સાથે જ બે વ્યક્તિએ પણ સાથે વૃદ્ધ થવાની મજા."

વૃદ્ધ સ્ત્રી પણ પોતાની ફિલિંગ્સ્ રોકી શકી નહીં. તેણે કહ્યું કે "મેં તો આમને વર્ષો પહેલા પ્રપોઝ કરતા એમ જ પૂછેલું કે શું તને મારી સાથે વૃદ્ધ થવું ગમશે? અને આમણે એક પળનો વિલંબ કર્યા વિના મારો હાથ થામી લીધો હતો. એમણે અત્યારે પણ મારો હાથ એવી જ રીતે પકડ્યો છે કે જે રીતે પચાસ વર્ષ પહેલાં ખુબ પ્રેમથી પકડ્યો હતો. પ્રેમને ઉંમરનો અને વર્ષોનો કાટ લાગતો નથી. પહેલા મારી ત્વચા સુંવાળી અને લીસી હતી તો પણ એમને ગમતી હતી અને અત્યારે મારી ત્વચા રિંકલવાળી છે તો પણ એમને ગમે છે, એ જ પ્રેમ છે. પ્રેમ એટલે માત્ર રૂપ અને સૌંદર્ય અથવા માત્ર રૂપિયા, બંગલો, ગાડી અને સુખસાહ્યબી કે નોકર-ચાકર હોય એવું નહીં. પ્રેમ ગરીબની ઝુંપડીમાં પણ પાંગરી શકે છે. પહેલાં અમે જોગિંગ કરતા, સ્વિમિંગ કરતા, પછી દોડતા અને મૉર્નિંગ વોક પણ કરતા. હવે અમે ખુબ ઓછું ચાલી શકીએ છીએ પણ સંગાથ એમનો એમ જ માણીએ છીએ. જીવનમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા. ઘણું બધું બદલાયું. પરંતુ નથી બદલાયું તો એ આ હાથ અને સાથ-સંગાથ."

વૃદ્ધ પુરુષે યુવા-યુગલને કહ્યું કે "તમે અમને બંનેને જેમ ગાર્ડનમાં ચાલતાં જોયાં એમ અમે પણ તમને અહીં બેઠેલાં જોયાં ત્યારે અમને પણ અમારી યુવાનીના દિવસો યાદ આવી ગયાં. જાણે અમે અમારા ભૂતકાળ સાથે વાત કરી રહ્યાં હોઈએ."

ગુલમહોર
દિનેશ દેસાઈ

વૃદ્ધ યુગલ આગળ ચાલ્યું એ પછી યુવતીએ પણ યુવક સમક્ષ એવી રીતે જ પ્રપોઝ કર્યું કે "શું તને પણ આ વૃદ્ધ યુગલની જેમ જ મારી સાથે વૃદ્ધ થવાનું ગમશે? શું તું પણ મારી સાથે વૃદ્ધ થઈશ ને?"

યુવાને પણ પ્રેમની અભિવ્યક્તિ કરીને યુવતીનો હાથ પોતાના હાથમાં લઈને ચુમી લીધો. પ્રેમને તો કોઈ વાચા હોતી નથી. પ્રેમ વ્યક્ત થાય ત્યાં શબ્દો ઓગળી જાય છે. પ્રેમ જાણે આંખો-આંખોમાં વ્યક્ત થાય છે. મૌનની લિપિ ઉકેલી શકે એ પ્રેમ પામી શકે અને પ્રેમ જતાવી પણ શકે. પ્રેમની પૂર્વશરત જ એ છે કે પ્રિયજનની મૌનની લિપિ ઉકેલતા શીખો.

પ્રેમ એ કોઈ ઋતુ યા મોસમ યા પર્વ કે તહેવાર નથી કે આવે અને જતો રહે અને ફરી એક વર્ષ પછી ફરી પાછો આવે. પ્રેમ તો સંબંધની બારમાસી મોસમ છે. જે એક વાર આપણી જિંદગીમાં પ્રવેશ પામે પછી ક્યાંય જતી નથી. પ્રેમની મોસમ આપણી ભીતર જ લીલીછમ જળવાઈ રહે છે. હા, પ્રેમના છોડનું લાગણીનાં ખાતર-પાણી આપીને જતન કરવું આપણા હાથની વાત છે.

પ્રેમ કોઈ દૂધના ઉભરા જેવી અનુભૂતિ નથી કે આવે અને ચાલી જાય. જો કદાચ આજે પ્રેમ અનુભવાય અને કાલે ના પણ અનુભવાય તો એ પ્રેમ નથી. સંબંધની મધુરતા હંમેશા સ્ટે-ઈન, જોડાઈ રહેવામાં જ છે. સંબંધમાં એવા દિવસો પણ આવે કે તમને ગમતી વ્યક્તિ સાથે મતભેદ પણ થાય, લડાઈ-ઝગડા પણ થાય. રિસાવાનું બને અને મનાવવાનું પણ બને. આ બધા જ સંજોગો વચ્ચે પ્રેમનો છોડ મુરઝાઈ જતો નથી. પ્રેમ તો હંમેશા અડગ જ રહે છે. પ્રેમના સંબંધમાં કોઈ અડચણ આવતી નથી. સંબંધમાં સંજોગો કદાચ બદલાતા રહે પણ એથી પ્રેમ બદલાતો નથી.

જસ્ટ ટ્વીટ :

"પ્રેમ, લાગણી અને ભક્તિ એટલે રાધાજી, રૂક્ષ્મણિજી અને મીરાંબાઈ."

- ડોંગરેજી મહારાજ

કીડીનું કોન્સન્ટ્રેશન...!! કીડી એનાં વજન કરતાં વીસ ગણો ભાર ખેંચે છે, આપણી જેમ જ...!!

'પપ્પા, મારે અમેરિકા સેટલ થવું છે.'

લાલ કીડીએ ચટકો ભર્યો હોય એવી હાલત પરાગભાઈની થઈ. એકનો એક દીકરો, ભણીગણીને માસ્ટર થયો. હજી લગ્નને માંડ વર્ષ પૂર્ણ થયું ત્યાં, આ પ્રશ્ન?

'તમને મોજ પડે એમ કરો, સુખી ભવ:' કહીને એમણે પરમિશન આપી દીધી. અને દીકરો ટૂંક સમયમાં પાંચ બેડરૂમનો મોટો બંગલો છોડીને વિશાળ ઉપખંડ એવા અમેરિકા ઊડી ગયો.

પરાગ પંડ્યા એટલે એક ધનિક વેપારી. એનો વિશાળ બંગલો. આગળ લીલીછમ્મ લોન. બે માળના બંગલાની ટેરેસ પર પરગોલા અને સરસ મજાની બેઠક. ક્યારેક એમને એકાંત જોઈએ ત્યારે ત્યાં જઈને બેસતાં. આમેય પરિવારમાં હરિફરિને ત્રણ જણ, માંડ ચોથી વ્યક્તિ આવી એ એકને ઓછી કરીને જતી રહી.

બંગલાની ટેરેસ પણ સજાવેલી હતી. એક હિંચકો, ઘણાં બધાં રંગબેરંગી ફૂલો ધરાવતાં છોડ. કૉફી ટેબલ ઉપરથી કવર્ડ અમ્બ્રેલા. એક્યુપ્રેશર મળે માટે ખરબચડી ફલોરિંગ પર એ ખુલ્લા પગે ચાલતા અને હાથમાં વાર્તાની ચોપડી. એકંદરે આ એમની પ્રિય જગ્યા કહી શકાય.

દીકરો અને પુત્રવધુ ગયા બાદ આ જગ્યા વધુ પ્રિય થઈ. એ એક દિવસ એમ જ હિંચકા પર બેઠાં બેઠાં શાંત ચિત્તે મેડિટેશન કરતાં હતા. ત્યાં જ એમની નજર એક કીડી પર પડી. એ નાનકડી કીડી એક સુકાયેલું પાંદડું લઈને ફટાપટ ચાલતી હતી. એ પાંદડાનો આકાર કીડીના શરીરના પ્રમાણમાં ઘણો જ મોટો હતો. એમને યાદ આવ્યું કે કીડી તો એના શરીરના વજન કરતાં વીસ ગણો ભાર ખેંચી શકે છે!

એ કીડી પાંદડું લઈને જતી જોઈ પરાગ પંડ્યાને મજા પડી. હવે, એમણે અનાયાસે એનું નિરીક્ષણ કરવાનું શરુ કર્યું. એ કીડી એનાં કામમાં ફુલ્લી કોન્સન્ટ્રેટેડ હતી. તે આમતેમ ક્યાંક ડાફોળીયા મારતી નહોતી. એને એનો ટાર્ગેટ ખબર હતો. એના રસ્તામાં ઘણાં વિઘ્નો આવતાં હતા. પણ એ બધાં વિઘ્નો પાર કરતી પાંદડું ખેંચતી આગળ વધતી હતી. આ બધું જોઈને પરાગ પંડ્યાને એના પર માન ઊપજ્યું.

બધું વ્યવસ્થિત ચાલતું હતું ત્યાં કીડીને એક મોટું વિઘ્ન આવ્યું. એ જે કોન્ક્રીટના સ્લેપ પર ચાલતી હતી ત્યાં એક મોટી ક્રેક હતી. એ કુદી તો શકી નહીં? બે છેડા વચ્ચે અંતર ઘણું હતું. કીડીને હવે પાંદડાને લઈને જવું મુશ્કેલ થઈ પડ્યું. એકલી કીડી તો પાર થઈ જાય. હવે કીડી શું કરશે? એમને ઉત્સુકતા હતી. એમના મનમાં અનેક પ્રશ્નો હતાં, એકવાર તો થયું કે પાંદડું ઊંચકીને ત્યાં મુકી દે...

> કીડી સમી ક્ષણોની આ આવજાવ શું છે?
> મારું સ્વરુપ શું છે, મારો સ્વભાવ શું છે?
> ઋતુઓનો રંગ શું છે, ફૂલોની ગંધ શું છે?
> લગની, લગાવ, લહેરો, આ હાવભાવ શું છે?
> - રાજેન્દ્ર શુક્લ

પણ કીડીએ પાંદડું છોડીને થોડીવાર આમતેમ ભટકી. એણે પરિસ્થિતિનો તાગ મેળવ્યો. પછી એણે પાંદડાને ચતુરાઈથી ધીમે ધીમે ધકેલી એ ક્રેક પર એવી રીતે સેટ કર્યું કે બ્રીજ નિર્માણ થાય. પછી એ પાંદડા પરથી સામેની બાજુ જઈને ફરીથી પાંદડું ખેંચવા લાગી. કીડીની આ આઈડિયા જોઈને પરાગ પંડ્યા તો આશ્ચર્યચકિત થઈ ગયા. એક તો આ કીડી કેટલી નાની, અને એમાં એનું મગજ કેટલું સુક્ષ્મ? માઈક્રોસ્કોપ લઈને જ જોવું પડે. આ નાનકડી કીડીના નાનકડાં મગજે પરિસ્થિતિનું અવલોકન કરી, કલ્પનાશક્તિ લગાડી, મહેનત કરી અને હિંમત હાર્યા વગર એ મુસીબતને પાર કરી ગઈ.

એ કીડી એ પાંદડું લઈને એના દર સુધી પહોંચી ગઈ. એને એ પાંદડું એના દરમાં લઈ જવું હતું. પણ દરનું ઘર તો એકદમ નાનકડું હતું. એ નાનકડાં છીદ્રમાંથી કેમેય કરીને એ પાંદડું અંદર જતું નહોતું. કીડીએ ઘણાં પ્રયત્નો કર્યા, પણ છેલ્લે એ પાંદડું બહાર છોડીને દરમાં જતી રહી. કેટકેટલી મુસીબતો બાદ કીડીએ ખેંચી લાવેલું પાંદડું એને દરમાં લઈ જવા ન મળ્યું, એને બધી મહેનત બેકાર ગઈ એનું પરાગ પંડ્યાને ધ્યાને આવ્યું અને અત્યંત દુઃખ થયું.

Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

પણ એને ખબર પડી કે, 'અરે, માણસોનું પણ તો આવું જ હોય છે. માણસો જીવનભર અલગ અલગ પાંદડા ભેગાં કરે છે. અને એ પોતાનું સર્વસ્વ લગાવી દે છે. પાંદડા ભણતર, ડીગ્રી-ડિપ્લોમા, સર્ટિફીકેટ જેવા શૈક્ષણિકથી લઈ એની પાત્રતા કે ધન-દોલત, શ્રીમંત, માન-સન્માન, પ્રતિષ્ઠા, એવોર્ડ-બક્ષિસ, માન-પદવી કે બીજું કેટલુંય હોઈ શકે છે. પણ માણસ જયારે મૃત્યુના દ્વારે પહોંચે છે ત્યારે આ બધાં પાંદડા મુકીને જ જવું પડે છે.'

એ પોતાની સાથે એક પણ પાંદડું લઈ જઈ શકતો નથી, તો પછી આ માણસ આખી જિંદગી આટલો ભાર કેમ વેંઢારે છે? કેમ બધાં પાંદડા ભેગા કરતો રહે છે? આમાંથી કેટલાં પાંદડા પોતાના માટે અને કેટલા અન્યોને બતાડવાં માટે હોય છે?'

એમનાં મનમાં પ્રશ્નોની આખી કીડીઓની લાઈન લાગી હતી. એમણે પણ તો જિંદગીમાં શું કર્યું ? ધંધામાં લાગ્યાં, મોટી ઈચ્છાઓ પુરી કરવાં, પત્ની-બાળકને રાજી રાખવા, ઘણાં બધાં વિવિધ પ્રકારનાં પાંદડાં ભેગા કર્યાં. અને સરવાળે શું થયું ? દીકરો પણ બધાં પાંદડા એમના એમ મુકીને બીજાં મોટાં પાંદડાં ભેગા કરવા જ ગયો હતો ને ?

તો શું માણસોએ કોઈ પાંદડા ભેગાં જ નહીં કરવાનાં? ના, માણસોએ એતો કરવાં જ પડે અને તોજ આનંદથી, સુખેથી, સ્ટેટસ સાથે જીવી શકાય. પણ એ પાંદડા ભેગા કરવાની લ્હાયમાં જીવનનો અન્ય આનંદ પણ સાથે લેતાં રહેવું પડે. પેલી કીડી પાંદડું લઈને જતી વખતે આજુબાજુ ક્યાંક જોતી નહોતી. એનાં માર્ગમાં કેટલાં સુંદર ફુલો હતા, એની સુગંધ હતી પણ એ એને માણવાય ન રોકાતાં ચાલતી હતી. ત્યાં અનેક સુંદર દૃશ્યો હતા, રસ્તામાં અન્ય જંતુઓ હતા પણ એણે કોઈની સામે જોયું પણ નહીં... એણે એ બધી બાબતો તરફ દુર્લક્ષ સેવ્યું.

કલ્પતરૂ કંપનીના ઓપરેશન ડિરેકટર ડી.બી. પટેલે એકવાર બહુ સરસ વાત કરેલી. તમે જયારે ઑફિસ આવો છો ત્યારે ઘરની ચિંતા છોડી દો અને ઘરે જાવ ત્યારે ઑફિસની. કામ બારેય મહિના રહેશે અને રહેવું જોઈએ પણ એનો મતલબ તમારે બાવા થઈને કામ કરવાનું નથી. કામને સાથે રાખી પરિવાર, મિત્રો, સંબંધો, શોખ, પ્રવૃત્તિ સૌને ન્યાય આપો. કદાચ આ કીડીની વાર્તા જેવું કે માત્ર કામ, કામને કામ કરી તમે ઘણું બધું ગુમાવો છો, અને નિવ